**VASHISTHA GENESIS SCHOOL, BARDOLI**

**(Academic Session: 2025-26)**

**Date: ________ Class:4 Div:B Roll No: ______ Sub:2LGujarati**

**Name: ________________________________ Worksheet:Ch-2હીરકણી- એક માતાની સાહસ કથા**

- **નીચેના પ્રશ્નોના ઉત્તર લખો:**

i. **મહારાજ શિવજીનો કિલ્લો કઈ પર્વતમાળામાં સ્થિત હતો?**

જવાબ-રાયગઢનો કિલ્લો સહ્યાદ્રી પર્વતમાળાના પશ્ચિમ ઘાટ પર સ્થિત હતો.

ii. **હીરકણીના પરિવારમાં કોણ કોણ હતું?**

જવાબ- હીરકણીનાં પરિવારમાં વૃધ્ધ સાસુ, પતિ અને નાનો પુત્ર બાલ્ય હતો.

iii. **હીરકણી કિલ્લામાં શું વેચવા જતી હતી?**

જવાબ- હીરકણી કિલ્લામાં દૂધ વેચવા જતી હતી.

iv. **શિવાજી મહારાજના રાયગઢ કિલ્લામાં વેપારીઓને કેવી રીતે પ્રવેશ આપવામાં આવતો હતો?**

જવાબ- રાયગઢના કિલ્લાના દ્વારપાળો શિવાજી મહારાજના આદેશ મુજબ દરેક વેપારીઓના સામાનની તપાસ કરતા અને ત્યારબાદ જ કિલ્લામાં પ્રવેશ આપતા હતા.

v. **હીરકણી કેમ સમયનું ભાન ભૂલી ગઈ અને તેનું શું પરિણામ આવ્યું?**

જવાબ- કિલ્લાની અંદર ઉત્સવની ઉજવણી ચાલી રહી હતી જ્યાં કલાકારો અવનવા કરતબો પ્રસ્તુત કરી રહ્યા હતા. આ જોવામાં હિરકણી સમયનું ભાન ભૂલી ગઈ.અને પરિણામે દ્વારપાળો એ કિલ્લાનો પ્રવેશદ્વાર બંધ કરી દીધો.

vi. **દ્વારપાળોએ હિરકણીને શું સલાહ આપી?**

જવાબ- દ્વારપાળોએ હિરકણીને કોઈ સબંધીને ત્યાં રોકાઈ જવાની સલાહ આપી.

vii. **હીરકણીએ કઈ રીતે કિલ્લાની બહાર જવાનું શોર્ય કર્યું?**

જવાબ- હીરકણીએ પોતાના પુત્રની ચિંતામાં કિલ્લાની પાછળની દીવાલ બાજુ જઈને પાછળથી પહાડ પરથી જીવના જોખમે ઉતરે છે.

viii. **શિવાજી મહારાજએ કઈ રીતે હીરકણીના સાહસના વખાણ કર્યા?**

જવાબ- શિવજીએ કહ્યું –" તારી અંદર રહેલી માતાની મમતાની શક્તિએ તારી પાસે આ દુર્લભ શોર્ય કરાવ્યું.ખરેખર પોતાના સંતાન માટે માતા એક વીરાંગના હોય છે,"

- **યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો:**

i. **છત્રપતિ શિવાજી મહારાજની રાજધાની ક્યાં આવેલી હતી? [ ]**

[અ] રાયધઢ [બ] દિલ્હી [ક] મહારાષ્ટ્ર [ડ] પાવાગઢ

**ii. ક્યારે દ્વારપાળો કિલ્લાનો મુખ્ય દ્વાર બંધ કરી દેતા? [ ]**

[અ] સવારે [બ] બપોરે [ક] રાત્રે [ડ] સુર્યાસ્ત થાય એટલે

**iii. ભરવાડણ નું નામ શું હતું? [ ]**

[અ] હીરકણી [બ] રામકણી [ક] લક્ષ્મીબાઈ [ડ] રાધાબાઈ

**iv. હીરકણીને કોની ચિંતા થવા લાગી? [ ]**

[અ] પોતાના સાસુની [બ] પોતાના પતિની [ક] પોતાના પુત્રની [ડ] પોતાના સસરાની

- **નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ લખો:**

| | | |
|---|---|---|
| ટોચ = ________ | પર્વત= ________ | દ્વાર = ________ |
| આદેશ = ________ | કરતબ = ________ | મશગુલ = ________ |
| વિનંતી = ________ | જોખમ = ________ | રાત= ________ |
| નિયમ = ________ | મક્કમ= ________ | ડર = ________ |
| ઉઝરડા = ________ | દુર્ગમ = ________ | શોર્ય = ________ |

- **નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દ લખો:**

| | | |
|---|---|---|
| બહાર x ________ | સુર્યાસ્ત x ________ | ડરપોક x ________ |
| તળેટી x ________ | સુરક્ષિત x ________ | |

- **ખાલી જગ્યા પૂરો:**

i. છત્રપતિ શિવાજી મહારાજની રાજધાની ________ છે.

ii. ________વેપારીઓની વસ્તુની તપાસ કરતા.

iii. ગામમાં હીરકણી નામની એક ________ રહેતી હતી.

iv. હીરકણી ના પુત્રનું નામ ________ હતું.

v. હીરકણી ________વેચાતી હતી.

vi. હીરકણી ________પર ચઢવા લાગી.

vii. ________એ હીરકણી પાસે બધી વિગત જાણી.